# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

**આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નિવાસસ્થાને પહેલગામ આતંકવાદી હુમલા અંગે બેઠક યોજાઈ.

2) પ્રધાનમંત્રીએ કહ્યું- સરકાર 21મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા શિક્ષણ પ્રણાલીનું આધુનિકીકરણ કરી રહી છે.

3) પહલગામ આતંકવાદી હુમલા પર સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગણી કરવા બદલ ભાજપે કોંગ્રેસની ટીકા કરી.

4) કેનેડામાં માર્ક કાર્નેના નેતૃત્વવાળી લિબરલ પાર્ટીએ ચૂંટણીમાં વિજય મેળવ્યો- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવ્યા.

5) દિલ્હી મંત્રીમંડળે ખાનગી અને સરકારી શાળાઓમાં ફી નિયમન વિધેયકનાં મુસદ્દાને મંજૂરી આપી.

6) મહિલા ક્રિકેટમાં, ભારતે ત્રિકોણીય શ્રેણીની બીજી એકદિવસીય મેચમાં દક્ષિણ આફ્રિકાને 15 રનથી હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-Meeting

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં સેનાના વડા અનિલ ચૌહાણ અને ત્રણેય સશસ્ત્ર દળોના વડાઓ પણ હાજર રહ્યા હતા. આ બેઠક પહેલગામ આતંકવાદી હુમલાના પગલે યોજાઈ હતી.

દરમિયાન ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પહલગામ આતંકવાદી હુમલાનો મુદ્દો મજબૂતીથી ઉઠાવ્યો છે અને આતંકવાદીઓને તાલીમ અને ભંડોળ પૂરું પાડવાના પાકિસ્તાની મંત્રીના "કબૂલાત" પર પણ પ્રકાશ પાડ્યો છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના તાજેતરના ટેલિવિઝન ઇન્ટરવ્યુનો ઉલ્લેખ કરતા, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નાયબ કાયમી પ્રતિનિધિ, યોજના પટેલે કહ્યું કે આખી દુનિયાએ પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાનનો સ્વીકાર સાંભળ્યો છે.

# PM EDUCATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે સરકારનો ધ્યેય યુવાનોને એવા કૌશલ્યો પ્રદાન કરવાનો છે જે તેમને આત્મનિર્ભર બનાવવા અને ભારતને વૈશ્વિક નવીનતા કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા સક્ષમ બનાવશે.

શ્રી મોદીએ કહ્યું કે સરકાર 21મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે દેશની શિક્ષણ પ્રણાલીનું આધુનિકીકરણ કરી રહી છે. પ્રધાનમંત્રી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યુગમ સમિટને સંબોધિત કરી રહ્યા હતા. શ્રી મોદીએ રાષ્ટ્રીય લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે ભારતના સંશોધન ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે સરકારે વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આગામી 25 વર્ષનો સમયરેખા નક્કી કરી છે.

**(BYTE : PM ON VIKSIT BHARAT)**

# BJP-Rahul PM letter

પહલગામ આતંકવાદી હુમલા પર સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગણી કરવા બદલ ભાજપે કોંગ્રેસની ટીકા કરી છે. પક્ષના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ નવી દિલ્હીમાં મીડિયાને જણાવ્યું હતું કે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પહેલા કહેવું જોઈએ કે આતંકવાદી હુમલા પર કોંગ્રેસનો સામૂહિક સંકલ્પ શું છે.

તેમણે કહ્યું કે સર્વપક્ષીય બેઠક દરમિયાન કોંગ્રેસ કહે છે કે તે સરકાર સાથે છે અને કડક કાર્યવાહી થવી જોઈએ, જ્યારે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા કહે છે કે પાકિસ્તાન સામે કોઈ કાર્યવાહી થવી જોઈએ નહીં. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક કોંગ્રેસના નેતાઓએ પાકિસ્તાનને બદલે ભારત પર દોષારોપણ કરવાનો પ્રયાસ કર્યો છે.

ભાજપના અન્ય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસ પર પાકિસ્તાન પાસેથી આદેશ લેવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે ભારત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદના આકાઓને યોગ્ય જવાબ આપશે.

# Maharashtra-Cabinet Decision

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્યનાં પહલગામ આતંકવાદી હુમલાના ભોગ બનેલા લોકોના પરિવારો માટે 50 લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે.

મુંબઈમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં સરકારે પીડિત પરિવારોને શૈક્ષણિક સહાય અને નોકરીઓનું પણ વચન આપ્યું. આ અંતર્ગત, હુમલામાં માર્યા ગયેલા સંતોષ જગદાલેની પુત્રી આશાવરી જગદાલેને સરકારી નોકરી આપવામાં આવશે. મંત્રીમંડળે નવી ઇલેક્ટ્રિક વાહન નીતિ સહિત અનેક મહત્વપૂર્ણ નીતિઓને મંજૂરી આપી છે.

# Jammu and Kashmir Chief Minister

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આગામી ઉનાળાની ઋતુ દરમિયાન રાજ્યમાં આવશ્યક સેવાઓની અવિરત અને ઝડપી સેવાઓ સુનિશ્ચિત કરવા માટે તમામ સરકારી વિભાગો વચ્ચે વધુ સારા સંકલન પર ભાર મૂક્યો છે.

આજે શ્રીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા, મુખ્યમંત્રીએ ઉનાળા દરમિયાન આવનારી સમસ્યાઓનો સામનો કરવા માટે વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી. તેમણે તમામ વિભાગોને તેમના નિયંત્રણ કક્ષ સક્રિય કરવા, આવશ્યક પુરવઠો સુનિશ્ચિત કરવા અને સંવેદનશીલ વિસ્તારોમાં ઝડપી ટીમો તૈનાત કરવા નિર્દેશ આપ્યો.

# CANADA ELECTION-PM

કેનેડામાં માર્ક કાર્નેના નેતૃત્વવાળી લિબરલ પાર્ટીએ ચૂંટણીમાં વિજય મેળવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ક કાર્નેને કેનેડાના પ્રધાનમંત્રી તરીકે ચૂંટાવા અને લિબરલ પાર્ટીની જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત અને કેનેડા સામાન્ય લોકશાહી મૂલ્યો, કાયદાના શાસન પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા અને લોકો વચ્ચે જીવંત સંબંધોથી બંધાયેલા છે.

# Prime Minister-Trinidad Tobago

ત્રિનિદાદ અને ટોબૈગોના નવા પ્રધાનમંત્રી કમલા પ્રસાદ બિસેસર બનશે. 73 વર્ષીય બિસેસરની પાર્ટી યુનાઇટેડ નેશનલ કોંગ્રેસે સંસદીય ચૂંટણીમાં વિજય સાથે પુનરાવર્તન કર્યું છે. અગાઉ, શ્રીમતી બિસેસરે 2010-2015 સુધી પ્રધાનમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ કેરેબિયન દેશનું નેતૃત્વ કરનાર એકમાત્ર મહિલા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કમલા પ્રસાદ-બિસેસરને વિજય બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત, ત્રિનિદાદ અને ટોબૈગો સાથેના તેના ઐતિહાસિક અને ગાઢ સંબંધોને મહત્વ આપે છે. ભારત અને ત્રિનિદાદ-ટોબૈગોના લોકોની સહિયારી સમૃદ્ધિ અને સુખાકારી માટે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે કમલા પ્રસાદ-બિસેસર સાથે નજીકથી કામ કરવા આતુર છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# DELHI- FEE BILL DRAFT

દિલ્હી મંત્રીમંડળે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં ખાનગી અને સરકારી શાળાઓમાં ફી નિયમન માટેના વિધેયકનાં મુસદ્દાને મંજૂરી આપી છે.

નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે દિલ્હી સરકારે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને રાહત આપવા માટે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. દિલ્હી સરકારે પહેલીવાર આટલું વ્યાપક અને સંપૂર્ણ વિધેયક તૈયાર કર્યું છે. આ વિધેયક દિલ્હીની તમામ શાળાઓમાં ફી નક્કી કરવા માટે સંપૂર્ણ માર્ગદર્શિકા અને પ્રક્રિયાઓ રજૂ કરે છે, જેમાં અનુદાન મેળવતી અને, અનુદાન નહીં મેળવતી અને ખાનગી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

**(BYTE : REKHA GUPTA)**

# AHM CHANDOLA DEMOLITION

ગુજરાત રાજ્યના અમદાવાદમાં ચંડોળા તળાવ ખાતેથી અંદાજે 60 ટકા જેટલું ગેરકાયદેસર દબાણ દૂર કરાયું છે. ગુનાહ શોધક શાખાના જોઇન્ટ પોલીસ કમિશનર શરદ સિંઘલે જણાવ્યું, આ કાર્યવાહી દરમિયાન લલ્લા બિહારીનું ગેરકાયદેસર ફાર્મહાઉસ દૂર કરી તેના પુત્ર ખોટા દસ્તાવેજ બનાવતો હોવાથી તેને અટકાયત કરવામાં આવી છે.

વહેલી સવારથી શરૂ કરાયેલી આ કાર્યવાહીમાં 50થી વધુ ડમ્પરો અને JCB મશીન સાથે 2 હજાર પોલીસ કર્મચારીઓ અને 15 SRP કંપનીનો સઘન બંદોબસ્તમાં ગોઠવાઈ હતી.

# Rijiju- Haj

કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ પવિત્ર હજ યાત્રા પર જઈ રહેલા તમામ એક લાખ ૨૨ હજાર ૫૧૮ યાત્રાળુઓને શુભકામનાઓ પાઠવી અને તેમની સલામત, સમૃદ્ધ અને સુખદ યાત્રા માટે પ્રાર્થના કરી. પહેલી ફ્લાઇટ લખનૌથી ૨૮૮ અને હૈદરાબાદથી ૨૬૨ યાત્રાળુઓ સાથે રવાના થઈ. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર હજ યાત્રાને સરળ અને સુગમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# Joshi-Workshop

નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું છે કે ગ્રીન હાઇડ્રોજન ભવિષ્યનું બળતણ છે. તેમણે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો-MSMEને ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદનમાં ટેકનોલોજીકલ વિકાસ તરફ સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કર્યા.

આજે નવી દિલ્હીમાં MSMEs માટે રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન તકો પર એક વર્કશોપનું ઉદ્ઘાટન કરતા, શ્રી જોશીએ કહ્યું કે MSMEs પાસે ઉત્પાદન, એન્જિનિયરિંગ માટે નોંધપાત્ર સમર્થન પૂરું પાડવા અને નવા ટેકનોલોજીકલ વિચારો લાવવાની ક્ષમતા છે. આ ક્ષમતા ભારતને નવીનીકરણીય ઉર્જા તરફ સશક્ત બનાવી શકે છે. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી જોશીએ ભારતની ગ્રીન હાઇડ્રોજન પ્રમાણીકરણ યોજના શરૂ કરી.

# Padma Awards Winners- Travel

પદ્મ પુરસ્કાર વિજેતાઓએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તેમણે રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રધાનમંત્રી સંગ્રહાલય અને રાષ્ટ્રપતિ ભવનની પણ મુલાકાત લીધી. ગઈકાલે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં વર્ષ 2025 માટે ચાર પદ્મ વિભૂષણ, 10 પદ્મ ભૂષણ અને 57 પદ્મશ્રી પુરસ્કારો અર્પણ કર્યા હતા.

# WOMEN'S TRI-NATION CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે કોલંબોમાં ત્રિકોણીય શ્રેણીની બીજી વનડેમાં દક્ષિણ આફ્રિકાને 15 રનથી હરાવ્યું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 50 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 276 રન કર્યા હતા. જેના જવાબમાં, 277 રનના લક્ષ્યનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકાની ટીમ 49.2 ઓવરમાં 261 રનમાં સમેટાઇ ગઈ હતી.

# IPL- CRICKET

IPL ટી-20 ક્રિકેટમાં યજમાન દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાઈ રહી છે. દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે કોલકાતા નાઈટ રાઇડર્સના 4 ઓવરમાં 1 વિકેટે 54 રન થયા છે.